સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના માટે
ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી.ને
શેર ફાળો ૨૦૧૬-૧૭
વહીવટી મંજુરી બાબત

# ગુજરાત સરકાર
## ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
## ઠરાવ ક્રમાંક -બજટ/૨૦૧૫/૪૬૮૩/ક-૧
## સચિવાલય, ગાંધીનગર
## તારીખ: 04 APR 2016

**વંચાણે લીધા:**

(૧) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી નો તારીખ-૩/૧૧/૨૦૧૫ નો પત્રાંક જીયુવીએનએલ-ટેક-એકા-બજેટ-૧૬-૧૭/૨૧૫૪

**પ્રસ્તાવના:-**

સાગરકાંઠાના ક્ષારયુક્ત હવામાનને કારણે તથા હવામાં રહેલી આર્દ્રતાને કારણે વીજ પ્રવહન અને વીજ વિતરણ રેષાઓને કાટ લાગવો, વીજ પોલ ખવાઈ જવા તથા અન્ય તમામ પ્રકારના વીજ સ્થાપનો ક્ષતિગ્રસ્ત થવાથી આ વિસ્તારોમાં વીજ પુરવઠામાં વારંવાર વિક્ષેપો ઊભા થાય છે.

આ સમસ્યાઓનાં નિરાકરણ માટે તથા સાગરકાંઠાના વિસ્તારોના તમામ પરકારના વીજ વપરાશકારોને ગુણવત્તાસભર અને સાતત્યપૂર્ણ વીજ પૂરવઠો મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા આ યોજના અંતર્ગત સાગરકિનારાના વિસ્તારોમાં નવા ૬૬ કે.વી. સબ સ્ટેશનોની સ્થાપનાનું આયોજન હાથ ધરવામાં આવે છે. વધુમાં કૃષિ વીજ જોડાણોની ઘણા વર્ષોની પડતર અરજીઓનો ઝડપથી નિકાલ કરવાના હેતુથી આ યોજના હેઠળ સાગર કિનારાના ખેડૂતોને નવા કૃષિ વીજ જોડાણો આપવાનું આયોજન પણ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે.

આ યોજના માટે થનાર ખર્ચની રકમ રાજ્ય સરકાર દ્વારા વર્ષો વર્ષ શેર ફાળા સદરે અંદાજપત્રિય જોગવાઈ મંજૂર કરીને ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. ને ચૂકવવામાં આવે છે. તદ અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ ના અંદાજપત્રમાં સાગરકાંઠાના વિસ્તારોમાં ૨૦ નવા સબસ્ટેશનો અને ૦૭ સબસ્ટેશનોની અંશત: કામગીરી અને સંલગ્ન લાઈનોની કામગીરી તથા ૧૨૦૦૦ નવા કૃષિ વીજ જોડાણની કામગીરી હાથ ધરવા માટે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. ને શેર ફાળા તરીકે રૂ. ૩૬૦.૦૦ કરોડ (અંકે રૂપિયા ત્રણસો સાઈઠ કરોડ પૂરા) ની અંદાજપત્રિય જોગવાઈ કરવામાં આવેલ છે. આ રકમ પૈકી રૂ. ૧૬૦.૦૦ કરોડ નવા સબસ્ટેશનોની સ્થાપના માટે તથા રૂ. ૨૦૦.૦૦ કરોડ કૃષિ વીજ જોડાણો માટે ખર્ચ કરવાનું નક્કી

કરવામાં આવેલ છે. આ રકમનો નાણાંકીય વર્ષ૨૦૧૬-૧૭ દરમિયાન ખર્ચ કરી શકાય તે માટે વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

આથી રાજ્ય સરકાર દ્વારા પુખ્ત વિચારણાને અંતે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન રૂપિયા ૩૬૦.૦૦ કરોડ (અંકે રૂપિયા ત્રણસો સાંઈઠ કરોડ પૂરા) નો ખર્ચ કરવાની વહીવટી મંજુરી નીચેની શરતોને અધીન આપવામાં આવે છે:

(૧) આ અંગેનો ખર્ચ તારીખ ૩૧/૩/૨૦૧૭ સુધીમાં કરવાનો રહેશે.

(૨) નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં કરવામાં આવેલ બજેટ જોગવાઈ તેમ જ સરકાર દ્વારા જે રકમ ફાળવવામાં આવે તેની મર્યાદામાં જ ખર્ચ થાય તે જોવાનું રહેશે. વણવપરાયેલી રકમ વર્ષાન્તે સરન્ડર કરવાની રહેશે.

(૩) આ હેતુસર વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. ને રીલીઝ કરતાં પહેલા નાણાં વિભાગની મંજૂરી મેળવવાની રહેશે.

(૪) નિયમિત સમયે ખર્ચ વપરાશ નાં પ્રમાણપત્ર સરકારશ્રીને રજૂ કરવાનાં રહેશે.

(૫) જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે, અન્ય હેતુ માટે આ રકમનો ઉપયોગ કરી શકાશે નહીં.

(૬) આ અંગેનો ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલી જોગવાઈઓ અને લાગુ પડતા ધારા ધોરણોને અધીન નિયત પદ્ધતિ મુજબ કરવાનો રહેશે.

(૭) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને અધીન ચાલુ તથા આગામી વર્ષે પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૮) આ યોજના હેઠળ માસિક પ્રગતિ અહેવાલ , ખર્ચની વિગતો નિયત સમયે રજૂ કરવાના રહેશે.

(૯) આ યોજના માટે નિયત કરવામાં આવેલા લક્ષ્યાંકો નિયત કરેલ ખર્ચની મર્યાદામાં પૂર્ણ કરવાના રહેશે.

(૧૦) આ યોજના હેઠળ ટેન્ડર પ્રોસેસીંગની બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક: એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૭-ચ, તારીખ ૨૨-૧૧-૨૦૦૬ તથા ઠરાવ ક્રમાંક: એસપીઓ -૧૦૨૦૦૫-૧૪૦૫-ચ, તારીખ ૮/૭/૨૦૧૧ અન્વયે "ઈ" ટેન્ડરીંગની બાબતમાં વખતોવખત કરવામાં આવેલ જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૧) આ મંજૂરી અન્વયે જો કોઈપણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૧૨) આ યોજના અંતર્ગત ઠરાવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૩) આ મંજૂરી અન્વયે કરવાનાં થતાં ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૧૪) આ અંગેનો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ ના અંદાજપત્રમાં નીચેના સદરે ઉધારવાનો રહેશે.

| | |
|---|---|
| માંગણી નં | ૧૩ (આયોજન) |
| સ્કીમ નંબર: | પી ડબલ્યુ આર ૪૫- ૧૬૩ ૦૪૪ |
| મુખ્ય સદર: | ૪૮૦૧- વીજળી શક્તિ પરિયોજનાઓ અંગે મૂડી ખર્ચ જોગવાઈ |
| પેટા મુખ્ય સદર | ૦૫- પ્રસારણ અને વિતરણ |
| ગૌણ સદર | ૧૯૦- જાહેર ક્ષેત્ર અને અન્ય ઉપક્રમોમાં મૂડી રોકાણ |
| પેટાસદર | (૦૬)સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના માટે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી.ને શેર મૂડી ફાળો |
| હેડ ચાર્જેબલ | ૪૮૦૧ ૦૫ ૧૯૦ ૦૬ |
| વિગતવાર સદર | ૦૦ |
| હેતુ સદર | ૫૪૦૦ મૂડી રોકાણ |

આ ઠરાવ નાણાં વિભાગે તેમની તારીખ: ૦૧/૦૪/૨૦૧૬ ની નોંધથી આ વિભાગની ફાઈલ ઉપર આપેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(ઈન્દીરા ગામીત)
સેક્શન અધિકારી
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

એકાઉન્ટન્ટ જનરલશ્રી , અમદાવાદ / રાજકોટ
અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નાણાંકીય સલાહકારશ્રી (ઉર્જા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નિયામકશ્રી (નાણાં), ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી., વડોદરા
મુખ્ય ઈજનેરશ્રી(ટેકનિકલ), ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી., વડોદરા
શ્રેયાન તિજોરી અધિકારીશ્રી, વડોદરા
ઉપ સચિવશ્રી(બજેટ-૨) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
મુખ્ય વિદ્યુત નિરીક્ષકશ્રી અને વિદ્યુત શુલ્ક સમાહર્તાશ્રી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર
નાયબ મુખ્ય વિદ્યુત નિરીક્ષકશ્રી, વડોદરા
સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સેકશન અધિકારીશ્રી, ક શાખા, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
પસંદગી ફાઇલ/ ના.સે.અધિ.અંગત ફાઈલ